# ઉમિયાધામ ખાતે હાર્દિકની કરાયેલ અટકાયત

**પાટીદાર સમુદાય ઉમિયા કેમ્પસમાં સંમેલન યોજવા મક્કમ : પાંચમી ઓગસ્ટે યોજનાર સંમેલનને હજુ મંજુરી મળી નથી : હાર્દિકની સાથે અન્યોની અટકાયત**

અમદાવાદ, તા. ૩

પાટીદાર સમુદાય અને ગુજરાત વહીવટીતંત્ર ફરી એકવાર આમને સામને આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના કોર કમિટિના સભ્ય દિનેશ બાંભણિયા ઉપર કલોલના ધર્મેન્દ્ર પટેલ સહિતના લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ પાટીદાર સમુદાયમાં રોષની લાગણી ફેલાયેલી છે. બીજી બાજુ આજે પાટીદાર અનામત માટે લાંબી લડત ચલાવનાર હાર્દિક પટેલની અટકાયત કરવામાં આવતા રોષ વધુ વધી ગયો છે. હાર્દિક પટેલે ઉમિયાધામ ખાતે ધરણા યોજ્યા હતા. કલાકો બાદ જ તેની પોલીસે અટકાયત કરી હતી અને હાર્દિકને પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યો હતો. હાર્દિકની સાથે અન્યોની પણ અટકાયત કરવામાં આવી હતી.

ઉમિયાધામ ખાતે ધરણા પ્રદર્શનને લઈને પહેલાથી જ પોલીસે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દીધી હતી. પાંચમી ઓગસ્ટના દિવસે અમદાવાદના સોલા ઉમિયાધામ ખાતે સંમેલન યોજવાની તૈયારી દર્શાવવામાં આવી છે. જો કે, સરકારે હજુ સુધી મંજુરી આપી નથી જેથી સંઘર્ષના એંધાણ દેખાઈ રહ્યા છે. પાસના લોકોનું કહેવું છે કે, પાટીદાર સમાજના શહીદ પરિવારને ૩૫ લાખ રૂપિયાની આર્થિક મદદ કરવા અને કુટુંબના એક સભ્યને સરકારી નોકરી આપવાની પણ વાત થઈ રહી છે. પાંચમીના સંમેલનમાં રાજ્ય સરકારને નિર્ધારિત સમયમાં જ સમસ્યાઓ અને માંગણીઓનો અંત લાવવા માટે અલ્ટીમેટમ આપવામાં આવશે. હજારો લોકો આમા જોડાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલની આજે પ્રેસ કોન્ફરન્સ હતી. જેને લઈને તે એસજી હાઈવે પર આવેલા ઉમિયાધામ કેમ્પસ પહોંચ્યો હતો. પરંતુ ત્યાં પહેલાથી જ પોલીસ બંદોબસ્ત હતો. તેમજ તેને અંદર પ્રવેશતો અટકાવવામાં આવ્યો હતો. જેથી તેણે ત્યાં વિરોધ નોંધાવ્યો હતો અને ત્યારબાદ ઉમિયાબાદ કેમ્પસના હોડિંગ નીચે જ ધરણાં પર બેસી ગયો હતો. કલાકો બાદ તેની પોલીસે અટકાયત કરી હતી અને તેને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી.

ઉમિયાધામમાં પ્રવેશ ન મળતાં હાર્દિક સહિતના પાસના કાર્યકરો ઉમિયાધામના પ્રવેશદ્વારા પાસે જ ધરણાં પર બેસી ગયા હતા. કલાકો બાદ પણ ધરણાં જારી રાખતા પોલીસે તેની અટકાયત કરી હતી. હાર્દિક ઉપરાંત અન્ય ૧૦થી ૧૫ જણને પોલીસે જીપમાં બેસાડીને ક્રાઈમ બ્રાન્ચ હવેલી ખાતે લઈ ગઈ હતી. ઉમિયાધામ કેમ્પસ ખાતે પાટીદાર અનામતને પ્રેશાતએ પત્રકાર પરિષદ રાખી હતી. પરંતુ અહીં પહેલાથી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત હોવાથી મીડિયા કે પાસના કાર્યકર સહિત કોઈને પ્રવેશ અપાતો ન હતો. ત્યારબાદ ઉમિયાધામ પહોંચેલા હાર્દિકને પણ અંદર પ્રવેશતો અટકાવવામાં આવ્યો હતો. લાંબી રકઝક બાદ પણ તેને પ્રવેશ ન મળતાં તે ધરણા પર બેસી ગયો હતો. તેની સાથે વરૂણ પટેલ, દિનેશ બાંભણિયા અને પાસના અન્ય કાર્યકરો હતા.




ગાંધીનગર જેસીઆઈ દ્વારા સેકટર-૨૪ સ્થિત સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કૂલ ખાતે શહેરના ૫૩માં સ્થાપના દિવસની ઉજવણી કરાઈ હતી. જેને અનુલક્ષી નશાબંધી સંસ્કાર રેલી તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પર્યાવરણને નુકશાન ન થાય તે માટે ટ્રીગાર્ડ પણ આપવામાં આવ્યા હતા. પ્રમુખ પરાગી ગાંધી, સંજીવ મહેતા, જાગૃતિ મહેતા, અને ફાલ્ગુની ભાવસાર, સહિત કોર્પોરેટરો હાજર રહ્યા હતા.

# ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ટેલીફોન સૂચિકા -૨૦૧૭ પ્રકાશિત કરાઈ

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ટેલીફોન સૂચિકા - ૧૦૧૭ ની ચોથી આવૃતિ પ્રકાશિત કરવામાં આવી છે. ગાંધીનગર શહેરના સ્થાપનાદિનની થર્મલ પાવર સ્ટેશન ખાતે ઉજવણી કરવામાં આવી હતી તે પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે ટેલીફોન સૂચિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ, જિલ્લા કલેકટર સતિષભાઈ પટેલ, ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ સહિત અનેક મહાનુભાવો, સેવાભાવી સંસ્થાના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષ ૨૦૦૨માં ખીસ્સામાં સમાઈ શકે તેવી પ્રથમ સૂચિકા પ્રકાશિત કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ-૨૦૦૭ અને ૨૦૧૫માં વધુ માહિતી અને ટેલીફોન નંબરવાળી આવૃતિઓ પ્રકાશીત કરાઈ હતી.સમગ્ર શહેર તેમજ અનેક વિસ્તારોમાંથી ગાંધીનગરને લગતી આ ઉપયોગી માહિતીસભર સૂચિકાને ભારે આવકાર મળ્યો અને વર્ષ ૨૦૧૭માં તમામ વિગતો સાથેની ચોથી આવૃતિ સંસ્થાએ પ્રકાશિત કરી છે. આ ડિરેકટરીમાં રાજભવનથી માંડીને વિધાનસભા, મંત્રીઓ, નગરના ધારાસભ્યો, સંસદસભ્યો, તાકીદની પરિસ્થિતિમાં ઉપયોગી નંબરો, આવશ્યક સેવાઓ, કલેકટર કચેરી, મહાનગર પાલિકા, પોલીસ તંત્ર, ન્યાયતંત્ર, વાહન વ્યવહાર, ગાંધીનગર સ્થિત અખબારોના પ્રતિનિધીઓ, વિવિધ ન્યુઝ એજન્સીઓ, આરોગ્ય સેવાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ભારત સરકારની કચેરીઓ, અમદાવાદના અગત્યના ટેલીફોન નંબરો, શહેરની સેવા, કલા, સંસ્કૃતિની પ્રવૃતિ કરતી સંસ્થાઓ, વસાહત મહામંડળ, વસાહત મંડળો, સામાજીક સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થાઓ તથા તાકીદની પરિસ્થિતિમાં મદદરુપ થતા તમામ નંબરોની માહિતી આપવામાં આવી છે.

## મનપામાં મહિલા સ્વાવલંબન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા " મહિલા સશકિતકરણ પખવાડિયા' ની ઉજવણી ભાગરૂપે ૦૧ થી ૧૪/ ૦૮/ ૧૭ દરમ્યાન કરવામાં આવ્યું છે. જે અનુલક્ષી આજે ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે "મહિલા સ્વાવલંબન દિવસ' ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકા ના નાયબ મ્યુનસિપલ કમિશનર શ્રી જે.બી.બારૈયા. મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ .ડી.એન. બારોટ , જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ના એરિયા ઈસ્પેકટર શ્રી એસ.કે.દામા, શ્રી જી.કે ભટ્ટ અને ૪૫ જેટલી બેહનો હાજર રહી હતી કાર્યક્રમમાં જીલ્લા ઉધોગ કેન્દ્રની વિવિધ યોજનાઓ વિષયક માહિતી આપવામાં આવી હતી . તે અન્વયે નાના પાયે લઘુઉધોગોને મહત્વ આપતા સરકારશ્રી દ્વારા જે સબસીડી આપવામાં તે અંગે ઉડાણ પૂર્વક સમજાવવામાં આવેલ . આ ઉપરાંત આપની આજુબાજુ કેટલીક બહેનો દ્વારા સફળ ઉદ્યોગો સ્થાપી જે સ્વનિર્ભર બનેલ છે તેના ઉત્કૃષ્ઠ દ્રષ્ટાત પણ આપવામાં આવ્યા હતા.

# જીટીયુમાં આજે સોશ્યલ મિડિયાના અસરકારક ઉપયોગ અંગે સેમિનાર

ગાંધીનગર, તા. ૩

દેશનો યુવાન આજે વ્યક્તિદીઠ લગભગ ત્રણ કલાકથી પણ વધારે સમય સોશિયલ મીડિયા પાછળ ખર્ચે છે, અને પરિણામે દરરોજ આશરે ૧૮૦ કરોડ માનવ-કલાકો આપણા આધુનિક યુવાનો સોશિયલ મીડિયા ઉપર વાપરે છે. શું આ અધધ માનવ-કલાકોનો યોગ્ય રીતે વિનિયોગ થાય છે કે એ વેડફાઈ રહ્યા છે ? જવાબ આપણને કદાચ મુંઝવણમાં મુકી શકે છે, એટલે જરૂરી બની ગયું છે કે આ કરોડો માનવ-કલાકોનો ઉપયોગ યુવાનોની કારકિર્દીના શ્રેષ્ઠ ઘડતર માટે અને એ દ્વારા દેશના વિશાળ હિત માટે કરવામાં આવે.

આવતીકાલે તા. ૪ ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ સવારે દસ વાગ્યાથી આરંભી સાંજના ચાર વાગ્યા સુધી જીટીયુના ચાંદખેડા ખાતેના કેમ્પસ ઉપર એ-૨, કોન્ફરન્સ હોલમા યોજાઈ રહેલા આ એક દિવસીય વર્કશોપનો વિષય છે. 'ઈફેક્ટીવ યુઝ ઓફ સોશિયલ મીડિયા ફોર બ્રાઈટર કેરિયર' સવારે દસ વાગ્યે આયોજિત ઉદ્‌ઘાટન અવસરે જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. નવીનભાઈ શેઠ તેમજ 'દિવ્ય ભાસ્કર'ના પૂર્વ અને 'નવ ગુજરાત સમય'દૈનિકના વર્તમાન તંત્રી અજય ઉમટ વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

એકેડેમિક ટ્રેઈનિંગ, ઈન્ટરનેશનલ લિંકેજીસ, બ્રાન્ડિંગના ક્ષેત્રે વિશેષજ્ઞ તરીકે ખ્યાતી ધરાવતા, અનેક એવોર્ડઝસ દ્વારા સન્માનિત અને પોતાના ચિંતનશીલ વ્યાખ્યાનો દ્વારા યુવાનોને સફળતા માટે સતત પ્રેરણા આપતા રહેતા સોશિયલ મીડિયાના વિદ્વાન યશ ચાવલા આ વર્કશોપમાં સઘન માર્ગદર્શન દ્વારા પોતાની નિષ્ણાંત-સેવાઓ આપવાના છે.

સ્ટ્રોંગ સોશિયલ મીડિયા પ્રોફાઈલ, સેલ્ફ બ્રાન્ડિંગ, બ્લોગ-ગ્રાફિક્સ-વીડિયો તેમજ પ્રેઝન્ટેશન માટેનું કન્ટેન્ટ ક્રિએશન, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ માટેના લિંક્ડ-ઈન, ટ્વિટર, ફેસબુક, યુટ્યૂબ, ગૂગલ, વોટ્સએપ જેવા પ્લેટફોર્મની ઉપયોગિતા, સેફ્ટી પ્રિકોશન્સ જેવાં અનેક મુદ્દાઓની વિષદ્ છણાવટ દ્વારા રિસર્ચ અને કેરિયર માટેની તકો કેવી રીતે શોધવી, ઓળખવી અને વિકસાવવી તે અંગે યશ ચાવલા આ વર્કશોપ દરમિયાન મહામુલુ માર્ગદર્શન પુરૂ પાડશે.

## ગાંધીનગર જિલ્લા દલિત સેના પુર પિડિતોની પડખે

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં બનાસકાંઠાના ધાનેરા જિલ્લામાં કુદરતી હોનારતથી મૃત્યુ પામેલા લોકોને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી તેમજ દલિતસેનાનું પ્રતિનિધિ મંડળ પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા જશે અને સહાય કરવા ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં આગેવાન મુકેશ ગુર્જર, એલ.ડી. સુથાર, જયંતિલાલ બી. છત્રારિયા, ગાંધીનગર જિલ્લા પ્રમુખ બાબુભાઈ એચ. મેસરવાલા અને ઈશ્વરભાઈ પાટીલ વગેરે હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા શહેરમાં વરસાદી પાણીથી ૨૪૨ પરિવારો અસરગ્રસ્ત બન્યા

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લામાં મોડાસામાં તાજેતરમાં ભારે વરસાદે નીચાણવાળા વિસ્તારમાં આવેલ ૧૨ જેટલી સોસાયટીઓમાં ભરાયેલ ઘરવખરીની ૪ લાખની સહાય અને રૂ. ૩૦ હજારની કેશડોલ સહાયના ચેકો આજરોજ જમા કરાવાયા હતા.

આ અંગે મોડાસા મામલતદાર ગીરીશભાઈ પટેલને ઘરવખરી પલળી જતા નુકસાન થયું હતું. જેની આ કચેરી દ્વારા સર્વે કામગીરી કરાઈ હતી. તેમાં આ સોસાયટીઓના ૨૪૨ લાભાર્થીઓને આજરોજ રૂ. ૪



વરસાદી પાણીથી ઘરવખરીને થયેલ નુકસાન અંગે મોડાસા મામલતદાર કચેરી દ્વારા જરૂરી સર્વે પૂર્ણ કરાયા પછી જે તે લાભાર્થીને બેંક ખાતામાં પૂછતાં તેમણે જણાવ્યું કે મોડાસામાં ભારે વરસાદે નીચાણવાળા વિસ્તારોની સોસાયટીઓમાં પાણી ભરાતા લાખની સહાયના ચેકો અને ૫૮ પરિવારોને રૂ. ૩૦ હજારની કેશડોલની સહાય જે તેના ખાતામાં ચેકથી જમા કારાવાઈ હતી.

# મોડાસાની ખાનગી સ્કૂલની ગુમ થયેલી વિદ્યાર્થીની મળી આવતા પરિવારજનોમાં હાશકારો

મોડાસા, તા. ૩

મોડાસા શહેરની ન્યૂ લિપ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધો. ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ૨૭ જુલાઈના રોજ મોડાસાના શ્યામસુંદર શોપિંગ સેન્ટર નજીકથી સાંજના ૬ વાગ્યાના સુમારે ગૃહમાતા સાથે ખરીદી કરવા આવ્યા પછી ગુમ થઈ જતા સ્કૂલ સંચાલકો અને પરિવારજનો ભારે શોધખોળ આદરી હતી. પણ મળી ના આવતા છેવટે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. સોમવારે સાંજે ગુમ થયેલી સગીરા દરિયાપુર પોલીસ સ્ટેશને હાજર થતા પરિવારજનોને સોંપવામાં આવી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યાનુસાર મોડાસાની ન્યૂ લિપ ઈન્ટરનેશનલ સ્કૂલ ધો. ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી અને સ્કૂલ હોસ્ટેલમાં ૨ વર્ષથી રહેતી સગીરા હોસ્ટેલમાં રહેતી અન્ય વિદ્યાર્થીનીઓને લઈ હોસ્ટેલની ગૃહમાતા ખરીદી કરવા મોડાસાના શ્યામસુંદર શોપિંગ સેન્ટર આવ્યા હતા અને તમામ વિદ્યાર્થીનીઓને ૧ કલાકનો સમય ખરીદી માટે આપ્યો હતો. પણ બધી વિદ્યાર્થીનીઓ પરત આવી ગઈ હતી. એક વિદ્યાર્થીની ૮ વાગ્યા સુધી પરત ન ફરતા સ્કૂલના સંચાલકો અને પરિવારજનોને જાણ કરતા ચકચાર મચી હતી અને તમામ સંભવિત સ્થાને તપાસ કર્યા પછી મળી ના આવતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સોમવારે સગીરા દરિયાપુર પોલીસ સ્ટેશનથી મળી આવતા સગીરાને પરિવારજનોને જાણ કરતા પરિવારજનો દરિયાપુર પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા અને સગીરા હેમખેમ મળી આવતા હાશકારો અનુભવ્યો હતો.

# મોડાસા ચાર રસ્તા નજીકથી દારૂ પીને છાકટો બનેલો દારૂડિયો ઝડપાયો

મોડાસા, તા. ૩

મોડાસા ચારરસ્તા પોલીસે ચોકીથી ૧૦૦ મીટર દૂર આવેલા નગરપાલિકા શાકમાર્કેટ અને પ્રથમ કોમ્પ્લેક્સ તરીકે જાણીતા શોપિંગ સેન્ટરના ભોંય તળિયે સેલટેક્સ-ઈનકમ ટેક્સ વકીલ તરીકે પ્રેક્ટિસ કરતા શખ્સે તેની ઓફિસમાં દારૂ પીને છાકટા બની ધમાલ મચાવતા મોડાસા ટાઉન પોલીસે ધરપકડ કરી તલાસી લેતા શખ્સના ખિસ્સામાંથી વિદેશી દારૂની બોટલ મળી આવતા ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા ચારરસ્તા નજીક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સામે આવેલા પ્રથમ ગેસ્ટહાઉસના ભોંયતળિયામાં ઓફિસ ધરાવતા અને સેલટેક્સ-ઈનકમટેક્સ તરીકે પ્રેક્ટિસ કરતા મહેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ ડાભી (રહે. ૫૭, હરિઓમ નગર સોસાયટી, મેઘરજ રોડ, મોડાસા-મૂળ રહે. કુશ્કી-અરવલ્લી) દારૂ પીને છાકટા બનતા અને જેમતેમ બફાટ કરતા અને બિભસ્ત વર્તન કરતા આ અંગેની જાણ મોડાસા ટાઉન પોલીસે થતા વકીલની ઓફિસે જઈ દારૂ પીધેલી હાલતમાં લથડિયાં ખાતા ઝડપી પાડી તલાશી લેતા પોલીસ સાથે પણ ગેર વર્તન કર્યુ હતું અને પોલીસને વકીલ હોવાનો રોફ બતાવવા છતાં પોલીસે વકીલની જડતી લઈ ખિસ્સામાંથી ગેરકાયદેસર વિદેશી દારૂની નાની બોટલ કીં. રૂ.૧૦૦ મળી આવતા મોડાસા ટાઉન પોલીસે મહેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ ડાભી વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ અને જી.પી એક્ટ કલમ ૧૧૦ મુજબ ગુન્હો નોંધી વિદેશી દારૂની બોટલ રૂ. ૧૦૦ અને મોબાઈલ નંગ-રૂ-૫૦૦ મળી કુલ ૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

## આતંકવાદી હુમલામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલી મેના દિવસે થયેલી બેંક લુટમાં સામેલ હોવાની માહિતી મળી છે. ઈન્ટેલિજન્સ ઈનપુટ્સ અને સુરક્ષા દળો વચ્ચે શાનદાર તાલમેલના કારણે સરકાર ત્રાસવાદીઓની સામે હવે જોરદાર જંગ ખેલવા અને તેમને ખતમ કરવાને લઈને આશાવાદી છે. જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં સુરક્ષા દળોની સાથે ભીષણ અથડામણમાં મંગળવારે સવારે ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાનો ખતરનાક ત્રાસવાદી અને લીડર તરીકેની ભૂમિકામાં રહેલો અબુ દુજાના ઠાર થયો હતો. તેની સાથે અન્ય કેટલાક ત્રાસવાદીઓ પણ માર્યા ગયા હોવાની વિગત સાંપડી હતી. સુરક્ષા દળો સાથેની અથડામણમાં દુજાના સાથે તોયબાનો અન્ય કુખ્યાત ત્રાસવાદી આરિફ લિલહારી તેમજ અન્ય બે ત્રાસવાદીઓ ફુંકાયા હતા. ઠાર કરવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળાનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ વર્ષે સુરક્ષા દળોએ હજુ સુધી જોરદાર કાર્યવાહી કરી છે. આ વર્ષે ૨૦મી જુલાઈ સુધી ૧૧૭ ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યાછે. જે પૈકી ૮૬ ત્રાસવાદી પાકિસ્તાનના છે અથવા તો વિદેશી હોવાના દાવો કરવામાં આવ્યો છે. છેલ્લા સાત વર્ષમાં સૌથી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે જુલાઈ સુધી ૧૧૭ ત્રાસવાદીઓને ઠાર કર્યા છે. ગયા વર્ષે જાન્યુઆરીથી જુલાઈ સુધીની અવધિમાં સૌથી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ લશ્કરે તોઈબા અને જૈશે મોહમ્મદ તેમજ હિઝબુલની સાથે જોડાયેલા કેટલાક ત્રાસવાદીઓની યાદી તૈયાર કરી લીધી છે. જૂન મહિનામાં સેનાએ જમ્મુ કાશ્મીરમાં ૧૨ ત્રાસવાદીઓની હિટલિસ્ટ જારી કરી હતી. સુરક્ષા દળોએ આ ત્રાસવાદીઓની સામે જોરદાર ઓપરેશન હાથધર્યુ છે જેના ભાગરુપે અબુ દુજાના સહિતના અન્ય ત્રાસવાદીઓ ફૂંકાયા હતા. આ ત્રાસવાદીઓમા નામ અને ફોટા જારી કરવામાં આવ્યા છે. આ ત્રાસવાદીઓ કયા વિસ્તારમાં સક્રિય છે તેની યાદી પણ જારી કરવામાં આવી હતી. ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં રાજ્ય પોલીસે હાલમાં ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુઝાહીદીનના મોટા ભરતી રેકેટનો પર્દાફાશ કર્યો હતો.

## સુપ્રીમનો ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કોર્ટે આજે કહ્યુ હતુ કે આ એક બંધારણીય મુદ્દો છે. જેના પર ચર્ચાની જરૂર છે. કોંગ્રેસની અરજી પર જવાબ આપવા માટે ચૂંટણી પંચને બે સપ્તાહની મહેલત આપવામાં આવી છે. કોર્ટે કહ્યુ છે કે ચૂંટણી પંચ રાજ્યસભા ચૂંટણીમાં નોટાના ઉપયોગથી જોડાયેલુ જાહેરનામુ ખુબ પહેલા વર્ષ ૨૦૧૪માં જારી કર્યુ હતુ.

કોંગ્રેસનુ કહેવુ છે કે ચૂંટણી પંચ વગર બંધારણીય સુધારા નોટાના વિકલ્પનો ઉપયોગ કરી શકે નહી. કોંગ્રેસે કહ્યુ હતુ કે આ બંધારણની કલ્મ ૮૪નો ભંગ છે. રાજ્યસભાની ચૂંટણીને લઈને માત્ર ગુજરાતમાં જ નહી બલ્કે દેશમાં રાજકીય ગરમી છે. કોર્ટમાં કોંગ્રેસના વકીલને કહેવામાં આવ્યું હતું કે, જાન્યુઆરી ૨૦૧૪માં જ્યારે ચૂંટણી પંચ દ્વારા નોટિફિકેશન જારી કરવામાં આવ્યું ત્યારે ત્યાં હતા. નોટિફિકેશન બાદ પણ રાજ્યસભાની ચૂંટણી યોજાઈ ચુકી છે. હવે જ્યારે સ્થિતિ તરફેણમાં નથી ત્યારે આ ચુકાદાને પડકાર ફેંકવામાં આવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, તે આ બાબત પર સુનાવણી માટે તૈયાર છે કે, રાજ્યસભા ચૂંટણીમાં નોટાની જોગવાઈ બંધારણીય છે કે કેમ પરંતુ પ્રશ્ન એ છે કે, માત્ર આ ચુંટણી માટે શા માટે વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે. ગુજરાતની સીટો માટે યોજાનાર રાજ્યસભા ચૂંટણીમાં નોટાનો ઉપયોગ કરવામાં આવનાર છે.

## સમાધાન નિકળશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી ભારતમાં ચીનના રાજદૂતને મળ્યા હતા. શરૂમાં કોંગ્રેસે આ માહિતીને છુપાવી હતી પરંતુ આખરે મિડિયામાં અહેવાલ પ્રકાશિત થયા બાદ આની કબૂલાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત આંતરરાષ્ટ્રીય સંબંધોમાં હવે નવી ઉંચાઈ ઉપર છે. આજે અમેરિકા, રશિયા, શ્રીલંકા, બ્રિટન અને બાંગ્લાદેશ જેવા દેશો સાથે ભારતના ખુબ મજબૂત સંબંધ છે. સુષ્માએ કહ્યું હતું કે, અમેરિકા સહિતના દેશોમાં ભારતની ક્ષમતામાં વધારો થઈ રહ્યો છે. વૈશ્વિક નીતિ ઘડી કાઢવામાં ભારતની ભૂમિકા મજબૂત થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, આજે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન સાથે પણ અમારા મજબૂત સંબંધ છે. અમેરિકા અને રશિયા બંને ભારતની સાથે છે. શાંતિ અને મિત્રતાની રુપરેખા તૈયાર થઈ રહી છે.

## આકરા પ્રહાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા વડાપ્રધાનનું સ્વાગત કરવામાં આવ્યું છે. શર્માએ કહ્યું હતું કે, વડાપ્રધાનને કેમરાના ફ્રેમની ચિંતા સતાવતી રહી છે જેથી અધિકારીઓને ઉપર જઈને સ્વાગત ન કરવા માટે કહેવામાં આવ્યું છે. પૂર્વ કેન્દ્રીય મંત્રીએ એમ પણ કહ્યું હતું કે, પાકિસ્તાનને ભારત દ્વારા અલગ પાડી દેવાના દાવા ખોટા સાબિત થઈ રહ્યા છે. ભારતને આ પ્રકારના દાવાથી બચવાની જરૂર છે. કોંગ્રેસી નેતાએ અનેક મુદ્દાઓ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. મોદીના અફઘાનિસ્તાનના પ્રવાસને નાટ્યાત્મક તરીકે ગણાવીને કહ્યું હતું કે, મોદી ત્યારબાદ પાકિસ્તાન જતા રહ્યા હતા. વડાપ્રધાને હજુ સુધી કહ્યું નથી કે, પાકિસ્તાનના વડાપ્રધાન સાથે તેમની શું ચર્ચા થઈ હતી. ૬૫ દેશોનો પ્રવાસ મોદી કરી ચુક્યા છે પરંતુ કોઈ પરિણામ આવ્યા નથી. મોદીને એકલામાં જવાનું પસંદ છે. કોઈ મજબુરીની સ્થિતિમાં જ પ્રધાનોને સાથે લઈને જાય છે. વડાપ્રધાને અમેરિકામાં કહ્યું હતું કે, સર્જિકલ સ્ટ્રાઈકના લીધે સમગ્ર દુનિયા ઝુંકી ગઈ છે પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે, દુનિયા આ વાત સ્વીકારે છે પરંતુ પડોશી આ વાત સ્વીકારી રહ્યા નથી. ૧૯૭૧માં સેનાની સૌથી મોટી જીત થઈ હતી પરંતુ તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ આવા કોઈ નિવેદન આપ્યા ન હતા. ઈન્દિરા ગાંધીનું નામ પણ મોદી દ્વારા ક્યારે લેવામાં આવ્યું નથી. રાજકીય વિચારધારા જુદી હોઈ શકે છે પરંતુ ઈતિહાસને ફરી લખી શકાય નહીં. ચીની પ્રમુખ જિંગપિંગ સાથે તેમની શું ચર્ચા થઈ છે તે અંગે પણ મોદીએ કોઈ માહિતી આપી નથી. દેશના લોકોને આ બાબત જાણવાનો અધિકાર છે. નેપાળની સાથે સંબંધો ન બગડે તેવા પ્રયાસ કરવા જોઈએ.

## માન્ય અરજી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચિલોડા અને અડાલજમાં એલ આઈ જી આવાસ યોજના તૈયાર કરી લાભાર્થીઓને મકાન ફાળવી દેવાયા છે. જો કે આ અન્વયે હજુ પણ કેટલાક લાભાર્થીઓએ આવાસોનો કબજો લીધો નથી. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અન્ય લાભાર્થીઓને પણ આવાસ યોજનાનો લાભ મળે તેવા આશયથી કુડાસણ અને રાયસણમાં મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે નવા મકાનો તૈયાર કરવાની યોજના હાથ ધરવામાં આવી છે. જેમાં કુડાસણમાં એમ આઈ જી ટુ અને રાયસણમાં એલ આઈ જી થ્રી અંગે ગુડાને મળેલી અરજીઓ અનુસંધાને શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એલ આઈ જી ટુના ૨૨૨ અરજીપત્રકો તેમજ એલ આઈ જી થ્રી ના અરજીપત્રકો ગુડાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. આ યાદી આખરી થયા બાદ ગુડા દ્વારા મુકવામાં આવી છે. જો કે આગામી ત્રણ દિવસમાં અરજદારોને કોઈ વાંધાસુચનો હોય તો ગુડાની કચેરીમાં લેખિતમાં રજુ કરવા માટે પણ ગુડાના તંત્ર દ્વારા જણાંવાયુ છે.

## સ્ટ્રીટ લાઈટો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહીત આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટોની ફરિયાદોનુ નિરાકરણ આવ્યુ નથી. વરસાદી દિવસોમાં સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેવાથી શેરીઓમાં અંધારપટ્ટ છવાયેલો રહેતા સ્થાનિક રહીશોમાં ભયની લાગણી વ્યાપી છે. શહેરમાં ચોમાસા દરમિયાન પણ કેટલાક ઠેકાણે ખોદકામની કામગીરી થઈ હોવાથી કેબલ લાઈનને અડચણ પહોંચી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે વરસાદી પાણી ઉતરતા લાઈટો ડુલ થઈ હોવાનુ પણ સુત્રો જણાંવી રહયા છે. આવા સંજોગોમાં શેહરમાં સ્ટ્રીટ લાઈટની ફરિયાદો નિવારવા માટે તંત્ર દ્વારા સેકટરોમાં ૧૦ જેટલી ટીમો કામે લગાડવામાં આવી છે. જેના અંતે સેકટરોમા બંધ સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

## કીટ બનાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠાકોરે જણાવ્યુ હતુ કે જિલ્લા પંચાયતના સદસ્યો પણ સીધા સામાનની કીટ બનાવી અને પંચાયતમાં જમા કરાવી રહ્યા છે. આ ઉપરાંત ઘાસચારો તથા લાકડા પણ મોકલવાની વિચારણા ચાલી રહી છે.

પંચાયત પ્રમુખે જણાવ્યુ હતુ કે આજે છાલા બેઠક પરથી વિજય થયેલ મંગુબેન છનાભાઈ ચૌધરી તરફથી સીધા સામાનની ૨૦૦ કીટ મળી છે. જેમાં ૫ કિલો બાજરીનો લોટ, તેલ, મીઠુ, ખાંડ, ચા, માચીસ, ૨ કિલો ચોખા, ૫૦૦ ગ્રામ મગદાળ, હળદર, બટાટા, મરચુ મુકવામાં આવેલ છે.

આજે આ ૨૦૦ કીટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પૂર્વ પ્રમુખ જશુભા રાણા, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ઉપપ્રમુખ ભરત પટેલ, કારોબારી ચેરમેન અરવિંદસિંહ સોલંકી, પંચાયતના સદસ્યો અને વિવિધ સમિતિના ચેરમેનો તેમજ જિલ્લા સંગઠ્ઠનના શિવરામભાઈ ચૌધરી, કનુભાઈ ચૌધરી (છાલા)ની હાજરીમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈને આપવામાં આવી હતી.

આગામી બે દિવસમાં વધુ ત્રણથી ચાર સભ્યો દ્વારા આવી કીટ આપવામાં આવનાર હોવાનું પણ પંચાયત પ્રમુખે જણાવ્યું છે.